સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

છે કુદરતનો કોપ, અસહાય માનવી ઝૂજે!
કર્યા કરે ઘાવ, ઉપરાઉપર હજી એક જ રૂઝે!
સૂઝે છે અડપલાં એ કરે રમત જીવો સાથે -
ને હવે તો કોરોના કહેરથી ધરા પણ ધ્રૂજે !!

હાઈકુ

આવ્યા કરશે -
પેટ્રોલ - ડિઝલના -
આફટર શોક !

બતાવ્યો ભાવ !
સારવારથી, હવે
વધારે 'ભાવ'

ચિંતન

આરોગ્યં વિદ્વતા સજ્જનમૈત્રી મહાકુલે જન્મ ।
સ્વાધીનતા ચ પુસાં મહેદૈશ્વર્યં વિનાપ્યર્થે : ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

શરીરે આરોગ્ય, સારી વિદ્વતા, સજ્જનોની મૈત્રી, મોટા કુળમાં જન્મ અને સ્વાધીનતા આટલી બાબતો જો બરાબર હોય, તો દ્રવ્ય વિના પણ મોટું ઐશ્વર્ય મળ્યું ગણાય.

આરોગ્ય - શરીર સંપત્તિથી માણસ નિરોગી હોય, કુદરતી રીતે જ સજ્જનો સાથે મૈત્રી હોય, સારા કુટુંબ - પરિવારમાં જન્મ થવો અને દરેક રીતે સ્વાધીનતા એટલે સ્વતંત્ર-મુક્ત જીવન જો એટલું મળે તો ક્રોધ ધન-સંપત્તિ - ન હોય તો પણ એ ઐશ્વર્ય કહેવાય.

આ બધું જ પૂર્વ - જન્મોના સત્કર્મ અને પુણ્યફળ થકી મળે છે.

સુવિચાર

- મેરે ઈરાદે મેરી તકદીર બદલને કે લિયે કાફી હૈ...
  મેરી કિસ્મત મેરી લકીરોં કી મોહતાજ નહીં - **દલવીર ચૌધરી**
- કોઈ પણ સમસ્યાનું સમાધાન એ વાત પર નિર્ભર કરે છે કે સલાહકાર કોણ છે, કારણ કે દુર્યોધન શકુનિ પાસેથી સલાહ લેતો અને અર્જુન ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી - **જન્મભૂમિ પ્રવાસી**
- મોહમાયા ત્યાગી જે કરે છે વિશ્વકલ્યાણ,
  સાચું છે આ મનુષ્યજીવનનું પવિત્ર માનવકલ્યાણ - **જીવન પાથેય**
- અન્ન ને જળ સાત્ત્વિક લો, જ્ઞાન લો તો આધ્યાત્મિક લો - **બોધિ વૃક્ષ**
- પશ્ચાતાપ એકવાર ન થાય, એ તો જીવનશૈલી છે, તો જ ઈશ્વર ક્ષમા આપે છે - **બ્રુક વિલ્કિન્સન**
- સાચો યોદ્ધો કર્મના વિચારમાં નહીં, કર્મમાં જીવે છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : જીરાને શેકીને તેમાં સરખે ભાગે કાળા મરીનો પાઉડર અને સિંધવ મેળવીને ખાવાથી હરસમાં પડતું લોહી બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગામડાના શેઠ પાસે એક એવું ભિંત ઘડિયાળ હતું કે એમાં ચોવીસ કલાકમાં એક જ વખત બપોરના અગિયાર વાગે. ત્યારે એમાં એક બારણુ ખુલે અને એક મનુષ્યાકૃતિ રમકડું બહાર નીકળે અને બોલે અગિયાર વાગ્યા. એ વખતે ગામના હાજર સૌ પોતાની ઘડિયાળ મેળવી લે. દર ચોવિસ કલાકે આ ક્રમ ફરી જળવાય. આમ આ ઘડિયાળ વિશિષ્ટ હોવાથી શેઠને જરાક અભિમાન આવી ગયેલું. એકવાર ઘડિયાળ બંધ થઈ ગયું. કોઈકે કહ્યું, 'શેઠ, જયાંથી લીધું છે ત્યાં કોઈક કુશળ કારીગરને બતાવજો સરખું કરાવજો આખા ગામને સમય મેળવવા માટે ખૂબ ઉપયોગી છે.' શેઠે કહ્યું, 'કોઈને ન આપું, હું જાતે જ રિપેર કરીશ. મારા ઘડિયાળને હું જ જાણું' એમ કરવા જતાં પડ્યું. તેમ છતાં યોગ્ય વ્યક્તિ પાસે ન લઈ જતાં જાતે જ રિપેર કર્યું. ઘડિયાળ દિવાલે લગાડ્યું. જેવા અગિયાર વાગ્યા એટલે પેલું રમકડું બારણું ખોલીને બહાર નીકળ્યું. શેઠ તો નાચવા લાગ્યો કે હાશ સરખું થઈ ગયું. પરંતુ પેલુ ઘડિયાળ બોલ્યું, 'કેટલા વાગ્યા?' જે ઘડિયાળ રોજ આખા ગામને અગિયાર વાગ્યાના સમાચાર આપતું હતું તે ઘડિયાળ હવે સામેથી પૂછવા લાગ્યું. 'કેટલા વાગ્યા??' અને ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

ચીનને સમજવામાં ભારતીય નેતાગીરી હંમેશા કાચી પડી છે

તંત્રીસ્થાનેથી...

સૂર્યગ્રહણની વ્યક્તિના જીવન પર અસર વિશે વિજ્ઞાન સંમત નથી. પરંતુ જે પ્રકારે દુનિયાભરમાં મહામારી અને મારામારી જેવી ઘટનાઓ બની રહી છે એને જયોતિષીઓ તો ગ્રહણનો જ પ્રભાવ માને છે. થોડા થોડા સમયાંતરે ત્રણ ગ્રહણ થયાં. એ દરમિયાન કોરોનાનો રાક્ષસી પંજો દુનિયા પર ફરી વળ્યો. અમેરિકામાં વંશીય ગરબડ ઊભી થઈ. ચીન સામે આખી દુનિયા ફીટકાર વરસાવતી થઈ અને ચીને 'ગરીબ કી જોરૂ સબ કી ભાભી' એ ન્યાયે લદ્દાખ સરહદે એની જાત પણ બતાવી દીધી. જયોતિષાચાર્યો માને છે કે આ ગ્રહણ મોટા માણસોને, પોતપોતાના ક્ષેત્રમાં અતિપ્રતિષ્ઠિત વ્યક્તિઓને નડશે. ટ્રમ્પ મુશ્કેલમાં છે. કદાચ ચૂંટણી પહેલાં જ એ હારી ગયા છે. આપણા વડાપ્રધાનની ઈમેજને પણ લોકડાઉન અને ચીની છમકલા પછી ખાસો ઘસારો તો પહોંચ્યો જ છે. ભારતમાં રોકાણ લાવવામાં એમના પ્રયાસોમાં સફળતા સાંપડશે તો જરૂર ડેમેજ કંટ્રોલ થશે. લોકડાઉનથી થયેલી બેરોજગારી, સવિશેષ શ્રમિકોને સહન કરવી પડેતી યાતના અને ધંધા રોજગાર બંધ રહેતા વેપારીઓ તથા નાના ઉદ્યોગોને પડેલો માર લાંબા સમય સુધી નકારાત્મક પ્રભાવ દેખાડશે તે નક્કી છે. વળી કેન્દ્ર સરકાર અને શાસક પક્ષની સત્તાલાલસાનાં વરવા ઉદાહરણો પણ તાજેતરમાં સપન્ન થયેલી રાજયસભાની ચૂંટણી તથા મધ્યપ્રદેશના સત્તાપલટા જેવી ઘટનાઓમાં જોઈ શકાય છે. 'પાર્ટી વિથ ડિફરંસ'ની કલ્પના સાથે અસ્તિત્વમાં આવેલી ભારતીય જનતા પાર્ટીએ એની રાજનીતિમાં નૈતિક મૂલ્યોને નેવે મૂકી કોંગ્રેસને સારી કહેવડાવી છે. એ જુદી વાત છે કે કોંગ્રેસ હજી એના એક દંડિયા મહેલમાંથી બહાર નથી આવી શકતી. પરિવારની જ ત્રણ વ્યક્તિઓ અને ચોથા ગુજરાતી નેતા અહમદ પટેલથી પાર્ટી સિમિત થઈ છે. આવી વિષમ પરિસ્થિતિને કારણે જ પાર્ટીના પ્રતીક પર ચૂંટાયેલા ધારાસભ્યો છાશવારે વફાદારી બદલી કેસરિયા પાર્ટીના શરણે જઈ રહ્યા છે. આર્થિક લોભલાલચ કરતાં 'અમારું આ પાર્ટીમાં ભવિષ્ય શું?' એ જ સવાલ એમને મૂંઝવતો રહે છે. આખરે રાજકારણમાં માણસ મંજીરા વગાડવા તો આવતો નથી. એને કારકિર્દી બનાવવાની હોંસ હોય છે. રાહુલ ગાંધી ઘણા ઈમાનદાર નેતા હોઈ શકે છે, પરંતુ એમની છેલ્લાં વર્ષો દરમિયાનની અબુધ છોકરડા ('પપ્પુ') વાળી છાપ હજી લોકમાનસમાંથી ભૂંસાઈ નથી. છેલ્લા કેટલાક સમયથી એ કાઢું જરૂર કાઢી રહ્યા છે, પણ પરિવારવાદનું કલંક તો એમના કપાળ પર લાગેલું જ રહેશે. ચીનના તાજેતરના ઘટનાક્રમ સંદર્ભે વડાપ્રધાનના નિવેદન સામેનો એમનો 'પ્રશ્નપ્રકોપ' વાજબી છે. વડાપ્રધાન એમ કહેતા હોય કે કોઈએ આપણી હદમાં પ્રવેશ જ નથી કર્યો તો એ વાત નિવૃત્ત આર્મી જનરલોથી લઈ સામાન્ય નાગરિકને પણ ગળે નહીં જ ઊતરે. પ્રવેશ કર્યો જ નહોતો તો શું આપણા સૈનિકોને મરવાની ઉતાવળ આવી ગઈ હતી ? ચીની સૈનિકોએ આપણી ચૌદ નંબરની પોસ્ટ પર તંબૂ તાણ્યો એમાંથી તો આખો ડખો સરજાયો. વળી વહેવારું બાબત તો એ હતી કે એવા સમયે છૂટા હાથની મારામારી કરવાની ગામડિયા પદ્ધતિ કરતાં, નરસિંહ રાવ સાથે થયેલ કરાર ફગાવી દઈ શસ્ત્ર સજ્જ થઈ સૈનિકોએ તંબૂ ઉખાડવા જવાની જરૂર હતી. 'એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર'. હવે જયારે આપણે માર ખાઈને જ બેઠા છીએ અને ચીન ભારતનો ઘણો વિસ્તાર દબાવીને બેઠું છે ત્યારે એના પ્રોડક્ટસના બહિષ્કાર કેટલું અસરકારક બનશે. એ સમય કહેશે - પરંતુ અત્યારે તો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવી પડશે.

લેખક તરીકે મિત્ર સલીલભાઈને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

લોકડાઉનના સમયગાળા દરમિયાન કેટલાક પુસ્તકો વાંચવાનું થયું એમાંનું એક પુસ્તક તે 'અધૂરી કથાઓ - ઈન્ટરનેટની અટારીએ...' એના લેખક છે ગુજરાતના એવા લેખક જેઓએ ફિલ્મ લેખન જ કર્યું છે. મારી યુવાન અવસ્થાથી હું એમની કોલમનો ચાહક રહ્યો છું. સિનેમા એમના માટે પ્યાર છે, જુનૂન છે, એવા એ લેખક એટલે સલીલ દલાલ. ગુજરાત સરકારમાં વરિષ્ઠ અધિકારી તરીકે વર્ષો કામ કર્યું.... પછીથી હાલ કેનેડા રહે છે અને સતત ભારતના - ગુજરાતના - મિત્રોના સંપર્કમાં રહે છે.

લેખક સલીલ દલાલના પૌત્ર, જેના જન્મ પહેલાં એનું નામ પણ પરિવારે નક્કી કરી રાખેલું આર્નવ, તેનો જન્મ તો થયો પરંતુ મૃત બાળક તરીકે... દાદાનું વ્હાલ છીનવાયું... શોકમાં ઘેરાયા... એમને થયું મારી અભિવ્યક્તિને મારી પ્રિય પ્રવૃત્તિના ફોકસમાં લાવીને એ પીડાનું વમન કરું. અને મધ્યાહનને સૂર્યાસ્ત નામનો એક પ્રોજેક્ટ અધૂરો રહ્યો હતો તે હાથ પર લીધો. અને લાંબી મથામણ પછી સર્જાયુ આ પુસ્તક.

આ પુસ્તકમાં માત્ર ૧૯ વર્ષની વયે વિદાય થયેલી દિવ્યા ભારતી, ૩૧ વર્ષની વયે વિદાય થયેલી સ્મિતા પાટીલ, ૩૬ વર્ષે વિદાય લેનાર મધુબાલા, ૩૯ વર્ષે દુનિયા છોડનાર મીનાકુમારી અને ૫૪ વર્ષની વયે અચાનક દુનિયામાંથી વિદાય લેનાર શ્રીદેવી... એમ હિંદી સિનેમાની પાંચ અભિનેત્રીઓની જીવનકથા છે. એક અર્થમાં આ પુસ્તક દસ્તાવેજીકરણ છે અને એના માટે સલીલભઆઈએ ખૂબ જહેમત ઉઠાવી છે. ઉત્તમ કક્ષાના કાગળના પાનાઓ પર કલરફૂલ તસવીરો વાચકને વધુ આકર્ષે છે. સલીલભાઈ લખે છે, 'આ લેખમાળાનો આશય આસમાનના સિતારાની માફક ચમકતા ખૂબ સુરત અદાકારો પણ મારા-તમારા જેવા માણસો જ છે એ કહેવાનો હતો. એ સૌએ આપણા બધાની બાકિયતાભરી જિંદગીઓમાં નાચીને-રડીને - ગાઈને પણ આપણને ત્રણ કલાક હળવા કરી આપ્યા હોય છે.'

સલીલ દલાલ લેખક તરીકે માને છે કે કલાકાર અને ભક્તિ અલગ નથી એટલે તેમના બંને પાસા એકબીજા પર અસર સકરતા હોય છે, એથી જ તેઓએ માત્ર અભિનેક્ષીઓના વ્યાવસાયિક જીવનને જ મૂલવતા તેમની અંગત જીવનની અભ્યાસપૂર્ણ અને અર્થપૂર્ણ વાતોને પણ પુસ્તકમાં સામેલ કરી છે.

જાણીતા હાસ્ય લેખક અને ફિલ્મ સમીક્ષક તથા વક્તા અશોક દવે પુસ્તકના પ્રવેશકમાં લખે છે કે, 'માહિતીના પરફેકશન પછી સલીલ દલાલે પોતાની આગવી ફિલ્મ ભાષા વિકસાવી છે. એમના લેખનની એક સિદ્ધિ એ છે કે ફિલ્મી લેખોના પુસ્તક માટે પણ એ એવા વિસ્તારો પસંદ કરે છે જેમાં બીજાઓને જવાનું સૂઝવું પણ ન હોય.'

એ જ રીતે જાણીતા લેખિકા અને વક્તા કાજલ ઓઝા વૈદ્ય લખે છે કે, 'સલીલભાઈએ અભિનેત્રીઓના જીવનની પીડા, પ્રસન્નતા - ખુશી કે ખાલીપો પોતાના મંતવ્ય ઉમેર્યા વગર, જજમેન્ટલ થયા વગર બયાન કર્યા છે.'

દિવ્યા ભારતીએ એક જ વર્ષમાં ૧૦ ફિલ્મો આપી હતી અને તેની એક ફિલ્મ 'દિલ આશના હૈ'નું દિગ્દર્શન તો હેમા માલિનીએ કર્યું હતું. એના પર ફિલ્માવાયેલા ગીતો આજે પણ યાદગાર બની રહ્યા છે.

સ્મિતા પાટીલનું બાળપણ દવાખાનાના કમ્પાઉન્ડમાં વીત્યું કારણ કે માતા વિદ્યાતાઈ નર્સ હતા અને ૧૯૭૪થી ૧૯૮૬ના ૧૨ વર્ષમાં જ હિન્દી-મરાઠી - ગુજરાતી - કન્નડ - પંજાબી - બંગાળી - મલયાલમ ભાષાઓમાં કામ કર્યું હતું.

મધુબાલાનું પ્યાર કિયા તો ડરના કયા ગીત રજૂ થતું ત્યારે જેટલા વધામણા થતા એટલા જ વધામણા ૨૦૦૪મા એ જ ફિલ્મ મુગલ-એ-આઝમ કલર ફિલ્મ રૂપે રજૂ થઈ ત્યારે પણ થયા હતા. મધુબાલાની એક ફિલ્મ મોતીલાલ સાથે હતી, નામ હતું 'હંસતે આંસુ' આ ફિલ્મ તે સમયે મધુ બાલા જોઈ ન શક્યા કારણ કે સેન્સરે () સર્ટીફિકેટ આપ્યું અને મધુબાલાની ઉંમર ત્યારે ૧૭ વર્ષ હતી.

૧૯૬૩ના ફિલ્મફેર એવોર્ડઝમાં બેસ્ટ એક્ટ્રેસના વિભાગમાં જે ત્રણ નોમિનેશન થયા તે ત્રણે મીનાકુમારીની જ ફિલ્મો હતી. 'નાઝ' ઉપનામ ઉર્દૂ શાયરી પણ મીનાકુમારીએ લખી છે.

કર્મા - નગીના - આખરી રાસ્તા - જાંબાઝ જેવી સુપર ડુપર હીટ ફિલ્મો આપનાર શ્રીદેવી ફર્સ્ટ ફિલેલ સુપરસ્ટાર બની હતી. 'મિસ્ટર ઈન્ડિયા' ના ગીત કાટે નહીં કટતે દિય ને રાત સમયે શ્રીદેવીને તાવ હતો છતાં વરસાદમાં નહાવાના દૃશ્યો એમને કર્યા હતા.

આવી આવી કેટકેટલી વાતો - માહિતી - હકીકતો - અવલોકનો - અભ્યાસ અને સરળ - પ્રવાહી લેખન શૈલીથીસભર છે આ પુસ્તક. એક લેખક તરીકે મિત્ર સલીલભાઈને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. ફિલ્મના પડદા પરના અજવાળા એમની કલમમાંથી પણ પાને પાને પથરાય છે.

મહાકવિ કાલિદાસ પૂછે છે : 'અસ્તિ કશ્ચિત વાગ્વિશેષ:?'

વિચારયાત્રા
ડો. જય ઓઝા

અષાઢ મહિનો આવે અને 'મેઘદૂત' કે 'કાલિદાસ' યાદ ન આવે તો સમજવું કે બાયપાસ સર્જરી કરાવવાની જરૂર છે. હૃદયની એ નળી કે જેના દ્વારા આપણી સંવેદનાઓ સાહિત્યની આ ઉત્તમોત્તમ કૃતિ અને તેના રચનાકાર કાલિદાસ દ્વારા રચિત ભાવવિશ્વ તરફ લઈ જનારી ન હોય. તો હૃદયની એ નળીને અનિવાર્યપણે બદલવી જ રહી કે જે આપણી આંતરિક ચેતનાને યંત્રવત બનાવી દેતી હોય. બાકી માત્ર સંસ્કૃતજ્ઞ માટે જ નહીં સૌ ભારતીયો માટે જે પ્રાતઃસ્મરણીય નામ છે તે કવિવર કાલિદાસનો તો અષાઢ માસ સાથે ગાઢ નાતો છે.

દેવભાષા સંસ્કૃતને હાંસિયામાં ધકેલી દેવાના ભરપુર પ્રયાસો આપણે ત્યાં થયા છે. આ દેવભાષામાં કેવા કેવા ઉત્કૃષ્ટ અને અદ્ભૂત ગ્રંથો રચાયા હતા; તેની જો યાદી બનાવીએ તો કાગળોના કાગળો ઓછા પડે. આપણે બધા જાણીએ છીએ કે જે ભાષાનો જનસામાન્ય દ્વારા વ્યવહારમાં અને બોલચાલમાં ઉપયોગ થતો હોય તેનું જ સાહિત્ય અધિક સર્જાતું હોય છે. જે રાષ્ટ્રમાં ચોરે અને ચૌટે માત્ર સંસ્કૃત બોલાતી હતી તેવા મહાન દેશમાં સંસ્કૃત ભાષાને ત્રીજી ભાષા તરીકે પ્રસ્થાપિત કરવા માટે અત્યારે જે વિરોધ સહન કરવો પડે છે તે શોચનીય બાબત છે.

કાલિદાસના જીવન વિષે ઘણી કથાઓ વાંચવા મળે છે. તેમાંથી સત્યની વધુ નજીક અને તેમના જીવનને ઉજાગર કરતી જે કથા છે તે પ્રમાણે રાજાની ખૂબ જ વિદ્વાન અને સૌંદર્યની મૂર્તિ સમી કુંવરીના વિવાહ દ્વેષીલા રાજ્ય મંત્રીના કાવતરાના કારણે મૂર્ખ અને મૂઢ એવા અણઘડ યુવાન સાથે કરાવી દેવામાં આવે છે. સત્ય ઉજાગર થતાં જ વિદ્યોત્તમા તે મૂર્ખને કાઢી મૂકે છે તે યુવાન અપમાનિત થઈને માતા કાલિની ઉપાસના કરે છે. સરસ્વતીની ઉપાસના કરે છે અને માની કૃપા પ્રાપ્ત થતાં તે કાલિદાસ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ એવા સંસ્કૃત સાહિત્યકાર બની જાય છે. કાળક્રમે એ રાજાની કુવરી વિદ્યોત્તમા સાથે વળી ભેટો થાય છે. બંને ભૂતકાળ ભૂલીને આગળ વધે છે, પરંતુ પુનઃમિલન વખતે વિદ્યોત્તમા માત્ર ટીખળ ખાતર તેને પ્રશ્ન પૂછે છે કે " અસ્તિ કશ્ચિત વાગ્વિશેષઃ" શું તમારી બોલીમાં કોઈ ફરક પડ્યો છે ? મહાકવિ કાલિદાસ આ પ્રશ્નનો ઉત્તર તેમની આગવી શૈલીમાં આપે છે. અને આ ત્રણ શબ્દોના ઉપયોગથી તેઓ ત્રણ વિશ્વ પ્રસિદ્ધ મહાકાવ્યોનો પ્રારંભ કરે છે.

૧) અસ્તિ ઉત્તરસ્યાંદિશિ દેવતાત્મા હિમાલયો નામ નગાધિરાજપ.(કુમારસંભવ)

૨) કશ્ચિત કાન્તા વિરહગુરુણા સ્વાધિકારપ્રમત્તઃ (મેઘદૂતમ)

૩) વાગર્થાવિવ સંપૃક્તૌ વાગર્થા પ્રતિપત્તયે પ(રઘુવંશ)

આવા અસામાન્ય અને અમાનવીય શ્રેષ્ઠતા ધરાવતા જ્ઞાની કવિને અને વિશ્વવંદનીય વ્યક્તિત્વ અને આપણે શી રીતે વિસ્મરી શકીએ ? જેના અભિજ્ઞાનશાકુન્તલને માથા પર લઈને જર્મન કવિ ગટે નાચ્યો હોય તે કવિગુરુ કાલિદાસને આજની પેઢી સુધી લઈ જવા પડશે.

સંસ્કૃત ભાષાની વિટંબણા એ છે કે આ ભાષાને સહુ વંદનીય તો માને છે અને ડ્રોઈંગરૂમમાં સજાવટના સામાનની જેમ રાખવામાં ગૌરવ અનુભવે છે. પરંતુ વાસ્તવમાં આ ભાષાની પૂજા કરવી હોય તેને માન આપીને જો પોતે સન્માનિત થવું હોય તો તેનો ઉપયોગ વારંવાર ડગલેને પગલે કરવો પડશે. આપણી દેવભાષાનું ઉત્તમ સાહિત્ય અનિવાર્યપણે દરેક ભારતીયના ઘરમાં હોવું જ જોઈએ. મૂળ સંસ્કૃત પાઠ સાથે તેનો અનુવાદ વાંચીને તેની વાતો, તેના પ્રસંગો આપણા બાળકોને સંભળાવવાની ટેવ પાડવી પડશે. લગ્ન પ્રસંગે 'મેઘદૂત' જેવો પ્રણયની પરાકાષ્ઠા દર્શાવતો ગ્રંથ નવદંપતીને આપીને તેના જેવી પ્રણય ભાવના વિકસાવવાની પ્રેરણા આપી શકાય. મેઘને ટપાલી બનાવીને પ્રિયતમાને સંદેશો પાઠવવાની અજોડ રીત આજની whatsapp ની ફોરવર્ડેડપંક્તિઓ મોકલતા યુવક-યુવતીઓને વાંચવા - સમજવા મળે તો પ્રેમની અસલ અભિવ્યકિત કરતા શીખશે. કોઈના નવા સાહસના શ્રી ગણેશ વખતે કે નવી દુકાનના ઉદઘાટન પ્રસંગે ચાણક્ય-નીતિ કે શુક્રનીતિનો ગ્રંથ આપીને તેને વ્યવસાય દરમિયાન આવતા દરેક પાસાઓની સમીક્ષા કરવામાં સહાયભૂત બની શકે. જન્મદિવસે કે વાસ્તુ પ્રસંગે આવા સંસ્કૃત સાહિત્યના અણમોલ ગ્રંથ ભેટરૂપે આપવાની અને તેને વંચાવવાની આદત વિકસાવીએ.

રામાયણ, મહાભારત, ગીતા કે પુરાણને લાલ કે પીળા રેશમી વસ્ત્રોના આવરણમાંથી કાઢીને માત્ર પૂજા કરવા કે માથે નમન કરવા પૂરતા ન રાખીને તેના જીવન ઉપયોગી શ્લોક કે પ્રસંગોને વાંચીને તે મુજબ વર્તવાની આવડત કેળવવી પડશે. ભગવદ્ ગીતાને લાલપોથીમાંથી બહાર કાઢીને જો ફરજિયાતપણે તેના દરેક અધ્યાય ને હૃદયસ્થ કરીશું તો કોર્ટમાં ખાલી ખાલી ગીતા પર હાથ રાખીને સત્ય બોલવાના સોગંદ નહીં ખાવા પડે.

" અસ્તિ કશ્ચિત વાગ્વિશેષઃ ?" આ પ્રશ્ન તે સમયે તો વિદ્યોત્તમાએ કાલિદાસને પૂછ્યો હતો પરંતુ આજે સ્વયં કાલિદાસ આપણને પૂછવા માગતા હશે કે સંસ્કૃત ભાષાના જ્ઞાન વગર તેના સાહિત્ય અને વાંચ્યા વગર "અસ્તિ કશ્ચિત વાગ્વિશેષઃ ?" આ પ્રશ્નનો ઉત્તર આપવા આપણે કમર કસવી જ રહી.

મહાકવિ કાલિદાસના દિનવિશેષ પર વાત માત્ર કાલિદાસની જ કરવી હતી, પરંતુ સંસ્કૃત ભાષા વિશે વાત થઈ ગઈ. આ જ દર્શાવે છે કે, કાલિદાસ અને સંસ્કૃત કેવા અભિન્નતાથી જોડાયેલા છે.

વધુ વાતો આવતા અંકે....

- jayuoza@gmail.com
Mo.9898046488

આપણે સહજતાથી સાંભળતા શીખ્યા જ નથી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગરીબ પરિવારના બાળકોને શિક્ષણ આપવાનું કામ કરતી દક્ષિણ ભારતની એક સંસ્થાની વાત છે. આ સંસ્થા પ્રતિવર્ષ સેંકડો ગરીબ બાળકોને અભ્યાસ કરાવે છે. સંસ્થાના ટ્રસ્ટી સુધાજીની સાથે કોલેજમાં અભ્યાસ કરતા એક મિત્રની દફતર બનાવવાની મોટી કંપની છે. આ કંપની તેના નાની-મોટી ખામીવાળા રીજેકટેડ દફતર સુધાજીના ટ્રસ્ટને વિના મૂલ્યે દાનમાં આપે. આ પ્રથા દસેક વર્ષથી ચાલે. દફતર બનાવતી કંપનીના મિત્રએ નિવૃત્તિ લીધી અને તેના સ્થાને એના યુવાન પુત્રએ

પિતાનો કારોબાર હાથમાં લીધો. દર વર્ષની જેમ માર્ચ-એપ્રિલ મહિનામાં ચેરીટી ટ્રસ્ટના માણસો રીજેકટેડ દફતર લેવા આવ્યા. કંપનીના સ્ટાફને ખબર હતી એટલે રીજેકટેડ દફતરથી ટ્રક ભરી દેવામાં આવી. યુવાન મેનેજરે તેની કેબિનમાંથી આ દ્રશ્ય જોયું

એ ધુંઆપુઆં થતો ચેમ્બર બહાર આવ્યો. 'ટ્રકમાં આ દફતર કોને પૂછીને ભર્યા ? કેમ આવી રીતે કંપનીનો માલ લઈ જવાય છે ?' વગેરે પ્રશ્નોની ઝડી વરસાવા લાગ્યો. ટ્રસ્ટના માણસોએ વિગતે વાત કરી. 'દસ વર્ષથી આ રીતે દફતર દાનમાં લઈ જવામાં આવે છે. સુધાજી અને તમારા પિતાજી સાથે આ સંદર્ભમાં વિગતે ચર્ચા થઈ છે. દર વર્ષે ટ્રસ્ટ આપની કંપનીને ઈ-મેઈલ કરીને દફતર લેવા આવે છે.' યુવાન આ કોઈ વાત સાંભળવા જ તૈયાર ન હતો. અંતે સુધાજીએ આવીને સમગ્ર વાતની વિગતવાર સમજ આપી ત્યારે માંડ વાત થાળે પડી. આ આખી ઘટના જાણીતા લેખક, વિચારક અને સમાજ સેવિકા સુધા મૂર્તિએ એમની અનુભવ કથામાં વર્ણવી છે.

આ નાનકડી વાતનો નિર્દેશ શ્રવણ કૌશલ્ય તરફ અંગુલીનિર્દેશ કરે છે. જેમ સંગીત, ચિત્ર, ઈજનેરી, તબીબી, સ્પોર્ટસ જેવી કલા છે એમ સાંભળવાની પણ એક કલા છે. માણસની સૌથી મોટી તકલીફ એ છે કે, એ કોઈને પણ સાંભળ્યા પહેલાં પોતાની વાત કરવા માટે ઉતાવળો બની જાય છે. એક સારો શ્રોતા મોટા ભાગના પ્રશ્નો ઊભા થતાં પહેલાં જ સોલ્વ કરી નાખતો હોય છે.

જે. કૃષ્ણમૂર્તિજી કહે છે કે, હંમેશા સ્વાભાવિક રીતે જ સાંભળવાની આદત કેળવવી જોઈએ. જ્યારે મન કોઈ પણ વિચાર પાછળ દોડ ન લગાવતું હોય અને બિલકુલ શાંત હોય. ચિત્તમાં કોઈપણ સળવળાટ સુદ્ધા ન હોય ત્યારે આવી સ્થિતિમાં દુરનુ અને નજીકનું તમામ સ્પષ્ટ સાંભળી શકવાની ક્ષમતા વધુ હોય છે. જ્યારે સ્વાભાવિકપણે શાંત ચિત્તે શ્રવણ થતું હોય છે ત્યારે માનવીની અંદર અસાધારણ પરિવર્તનનો અનુભવ થતો હોય છે. આ પરિવર્તન કોઈપણ ધારણા કે નિર્ણય વગર હોય છે. આ સ્થિતીમાં જેની કલ્પના પણ ન કરી હોય એવું અદભુત પરિવર્તન પ્રાપ્ત થયા વગર નથી રહેતું. આ શ્રવણ પરમ સૌંદર્યવાન હોય છે.

સમાન્ય રીતે વ્યક્તિ તેને અનુકૂળ પડે એવી કલ્પના મહત્વાકાંક્ષા, ઈચ્છા, અકળામણ, ચિંતાના સંદર્ભમાં જ સાંભળતો હોય છે. જે સંતોષ આપે અથવા પોતાને ઠીક લાગે કે સગવડ ભરેલું લાગે એવું જ સાંભળવા આપણે ટેવાયેલા હોઈએ છીએ. દુઃખમાં રાહત આપે એવું કે પછી પોતાનો અહમ સંતોષાય એવું જ સાંભળવાની આદત વ્યક્તિને હોય છે. જે માન્યતાઓના આવરણો સાથે આપણે સાંભળીએ છીએ એ આવરણો હડસેલીને સાંભળવામાં આવે ત્યારે ખરેખર સંભળાય છે.

ધ્યાનપૂર્વક સાંભળવાની એક એવી કળા છે. જે સરળતાથી મળતી નથી. તેમાં અપ્રતિમ સૌંદર્ય અને સમજણની ધાર હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ તેના અસ્તિત્વના જુદા જુદા પાસાઓની આસપાસ વિંટળાયેલા ખ્યાલોના પરિપ્રેક્ષ્યમાં જ સાંભળતો હોય છે. ખરેખર તો મહદંશે લોકોનું સાંભળવાનું પૂર્વાગ્રહપિડીત અને વિશેષ દ્રષ્ટિકોણવાળું જ હોય છે. આપણે સહજતાથી સાંભળતા શીખ્યા જ નથી. સાંભળતી વખતે આપણા વિચારો, તર્કો, નિષ્કર્ષો અને પક્ષપાતો સતત હાવી થતા રહેતા હોય છે.

શબ્દો સંદેશાની આપ લે કરવાનું માધ્યમ છે. આ માધ્યમ જ્યારે ગૂંચવે ત્યારે વાંક બાહ્ય શબ્દો કરતા આંતરિક ધારણાઓનો વધુ હોય છે. વ્યક્તિ હંમેશા સર્વોપરી બનવા કે વિજેતા થવા પાછળ પાગલ હોય છે. પરિણામે શબ્દોનું સત્ય સંભળાતુ નથી. જ્યારે શબ્દોનું સત્ય સંભળાય ત્યારે શ્રવણ માત્ર સ્થૂળ અર્થમાં સાંભળવા કરતા ક્યાંય આગળ એક સંગીત બની મનમાં ઉત્સાહના ફુવારા ઉડાડે છે. આમ ન થાય ત્યારે શબ્દો માત્ર ઘોંઘાટ બનીને રહી જાય છે. ધ્યાનપૂર્વક સાંભળવું એ સ્વયં એક સંપૂર્ણ ક્રિયા છે. વ્યક્તિએ પ્રથમ તો એ વિચારવાનું રહે કે, એ જે સાંભળે છે એનો ભીતરની અશાંત સ્થિતિમાં પરિવર્તનનો ઉદ્દેશ છે કે એના સંદર્ભો અને વિરોધાભાસી વિચારોના સમાધાનના હેતુ છે.

સાંભળવાનું તો વળી કોઈ સાયન્સ હોય ? ઈશ્વરે કાન આપ્યા છે તેમાં બધું ય સંભળાય જ ને ! ના આવી ધારણામાં બિલકુલ ન ફસાવાય. સાંભળવાનું એક વિજ્ઞાન પણ છે અને કલા પણ. પશ્ચિમના દેશોમાં તો લોકોને 'આર્ટ ઓફ લીસનીંગ'માં ખૂબ રસ પેદા થયો છે. વિદેશોમાં સાંભળવાની કળા ઉપર રીતસરના સેશન્સ ધૂમ મચાવે છે. ભારત વર્ષમાં પૌરાણિક ગ્રંથોથી માંડીને આધુનિક ત્રણ પ્રબુદ્ધો જે. કૃષ્ણમૂર્તિજી, ઓશો અને અરવિંદ ઘોષે શ્રવણ કૌશલ્યને અદભુત રીતે ઉજાગર કર્યું છે. સાંભળવાની વાત લાગે છે એટલી સાહજિક નથી. એના મહત્તમ લાભ માટે સૌ પ્રથમ માનસિક રીતે તૈયાર થવાની જરૂર છે. ઘણા બધા લોકો પાસેથી ઘણું બધું શબ્દોના માધ્યમથી બોલાય છે એને ક્યાં, કેવી રીતે, કયા સંદર્ભમાં સંભળાય છે એ અગત્યનું છે.

કાન દિવા જેવા અને આંખ બેટરી જેવી છે. જેમ દિવો પ્રગટે અને ચારે બાજુ પ્રકાશ ફેલાય એમ કોઈપણ દિશામાંથી આવેલો શબ્દ કાન સાંભળે જ છે. જ્યારે આ